## પક્ષ વિરોધી પ્રવૃત્તિ કરવા બદલ

# બાયડ શહેર ભાજપ મહામંત્રી અતુલ પટેલને સસ્પેન્ડ કરાયા

બાયડ, તા. ૧૭

બાયડ નગરપાલિકા ભાજપના પ્રમુખ વરૂણ પટેલ સામે દાખલ થયેલ અવિશ્વાસની દરખાસ્ત તેમજ તા. ૧૭ના રોજ યોજાયેલી નગરપાલિકા પ્રમુખની ચૂંટણીમાં ભાજપના જે સભ્યોએ નગરપાલિકાના પ્રમુખની ચૂંટણીમાં ભાજપના બળવાખોર બે સભ્યોએ ભાજપે આપેલ મેન્ડેટની વિરૂદ્ધમાં મતદાન કરવામાં આવ્યું હતું. આ સમગ્ર પ્રકરણમાં બાયડ શહેર ભાજપના મહામંત્રી અતુલ પટેલે વિવાસ્પદ ભૂમિકા ભજવી હતી અને



મહામંત્રી તરીકેની જવાબદારી નીભાવવાના બદલે તેઓએ પાર્ટીના આદેશ વિરૂદ્ધ અને પાર્ટીના હીતોના વિરૂદ્ધમાં કામગીરી કરતા ભાજપમાંથી તાત્કાલીક અસરથી છૂટા કરવામાં આવ્યા હતા અને આ અંગે દિન ૭માં ખુલાસો નહી કરવામાં આવે તો પાર્ટીમાંથી બરતરફ કરવામાં આવશે તેવુ ભાજપ પ્રમુખ રણવિરસિંહ ડાભીએ જણાવ્યું હતું.

# બાયડ નગરપાલિકાના પ્રમુખપદે ભાજપના બળવાખોર સભ્ય અરવિંદભાઈ બિરાજમાન

બાયડ, તા. ૧૭

બાયડ નગરપાલિકામાં તા. ૨૧-૨-૧૭ના રોજ ભાજપના પાંચ સભ્યો દ્વારા અવિશ્વાસની દરખાસ્ત દાખલ કરવામાં આવી હતી. જે અંગે બાયડનગર પાલીકામાં છેલ્લા કેટલાય દિવસથી અનેક ચર્ચાઓએ જોર પકડ્યુ હતુ. ભાજપ દ્વારા પાંચેય સભ્યોને તાત્કાલીક અસરથી પક્ષમાંથી એ જ દિવસે સસ્પેન્ડ કરી ખુલાસો માંગવામાં આવ્યો હતો. જેમાં જે સભ્યો ફરીથી પાછા ભાજપામાં આવી ગયા હતા.

જ્યારે આજે બાયડ પ્રાંત અધિકારીના અધ્યક્ષસ્થાને બાયડ નગરપાલિકાના સભાખંડમાં ૧૧ કલાકે પ્રમુખ માટેની ચૂંટણી યોજાઈ હતી. જેમાં ભાજપા દ્વારા વરૂણ પટેલનું મેન્ડેટ આવ્યુ હતુ જ્યારે ભાજપના બળવાખોર સભ્ય અરવિંદભાઈ પ્રજાપતિએ



એનસીપીના ટેકાથી પોતાની પ્રમુખ માટેની દાવેદારી રજુ કરી હતી. જેમાં વરૂણ પટેલની તરફેણમાં ૧૧ અને અરવિંદ પ્રજાપતિની તરફેણમાં એનસીપીના ટેકાથી ૧૩ મતો પડતાં ભાજપના આ બળવાખોર સભ્યને પ્રમુખ તરીકે જાહેર કરવામાં આવ્યા હતા. બાયડ નગરમાં હવે ટુંક સમયમાં ફરીથી ચૂંટણી યોજાવાની અટકળો તેજ થઈ ગઈ છે.

## આ પણ વાંચીએ...

### ● ઓડિશાની પાંચ વર્ષિય મુસ્લિમ બાળકીએ જીતી ભગવતગીતા સ્પર્ધા

ઓડિશાના કેન્દ્રપાડામાં પાંચ વર્ષની એક મુસ્લિમ બાળકીએ ભગવતગીતા સસ્વર પાઠ સ્પર્ધા જીતીને એ સાબિત કરી દીધુ છે કે ધર્મ અને જ્ઞાનની કોઈ સીમા નથી હોતી. પાંચ વર્ષની આ બાળકી ફિરદોશે



પોતાનાથી ઉંમરમાં મોટા ઘણા સ્પર્ધકોને પાછળ મુકી આ સ્પર્ધા જીતી હતી. ફિરોદશને સમગ્ર ગીતા કંઠસ્થ છે.

### ● ૬૦ લાખની જગુઆરની યોગ્ય સર્વિસ ન મળતા નોંધાવ્યો અનોખો વિરોધ

અમદાવાદના એક યુવાને ૬૦ લાખના ખર્ચે જેગુઆર કાર



૨૦૧૪માં ખરીદી હતી. ૨૦૧૫માં કારમાં કોઈ સમસ્યા ઉભી થતાં તેઓ આ માટે દસથી વધુ વખત કારને સર્વિસ સેન્ટર પર લઈ ગયા હતા. જો કે તેમની સમસ્યાને ઉકેલ ન આવતા કંટાળીને આ યુવાને કાર મકરબા પાસેના જેગુઆર શૉ રૂમની બહાર મુકી દીધી છે. કારની ઉપર તેઓએ સર્વિસ અંગે ફરિયાદ કરતા વિવિધ બેનર લગાવી દીધા છે. જેના કારણે શૉ રૂમના સંચાલકો પરેશાન થઈ ગયા છે.

### ● તાલિબાનના ડરથી પાકિસ્તાની મહિલા ખેલાડીએ અપનાવ્યો પુરૂષનો પહેરવેશ

પાકિસ્તાનની નંબર-૧ મહિલા સ્કવોશ ખેલાડી મારિયા તૂરપકાઈનો જન્મ પાકિસ્તાનના દક્ષિણ વઝીરીસ્તાનમાં થયો. આ વિસ્તારમાં તાલીબાનોની પકડ ખુબ છે. મારિયાને રમતગમતનો ખુબ



શોખ હોવાથી તેણે અને તેના પરિવારે દિકરી હોવા છતાં દિકરા તરીકે તેને પ્રસ્થાપિત કરાયો. કારણ કે તાલીબાનો છોકરીઓને રમતગમત ક્ષેત્રમાં પ્રવેશ આપવા દેતા નથી. મારિયાની રમત ખીલવા લાગી અને ધીમે ધીમે તેને પ્રસિદ્ધિ મળી ત્યારે જાહેર થયુ કે તે છોકરો નહી પરંતુ છોકરી છે. આ કારણસર તાલીબાનોની અનેક ધમકીઓ તેને અને તેના પરિવારને મળી ચુકી છે.

## કંપની સમાચાર

### શંકરા બિલ્ડિંગ પ્રોડક્ટસ લિમિટેડનો આઈપીઓ ૨૨ માર્ચે ખુલશે અને ૨૪ માર્ચે બંધ થશે

શંકરા બિલ્ડિંગ પ્રોડક્ટસ લિમિટેડ ('કંપની' કે 'ઈશ્યૂ') રોકડ માટે રૂ. ૧૦ ની ફેસ વેલ્યુ ધરાવતા દરેક ઈક્વિટી શેર ('ઈક્વિટી શેર')નો આઈપીઓ (ઈનિશિયલ પબ્લિક ઓફર) ૨૨ માર્ચ, ૨૦૧૭ને બુધવારે ખોલવાની દરખાસ્ત રજૂ કરી છે. તેમાં રૂ. ૪૫૦ મિલિયનના નવા ઈક્વિટી શેર ('ફ્રેશ ઈશ્યૂ') તથા કંપનીના પ્રમોટર સુકુમાર શ્રીનિવાસ દ્વારા ૮૧૬.૨૫૨ ઈક્વિટી શેર અને રિલાયન્સ અલ્ટરનેટિવ ઈન્વેસ્ટમેન્ટસ ફંડ - પ્રાઈવેટ ઈક્વિટી સ્કીમ ૧ ના ટ્રસ્ટીની ક્ષમતા તરીકે કાર્યરત ફેરવિન્ડસ ટ્રસ્ટીઝ સર્વિસીસ પ્રાઈવેટ લિમિટેડ દ્વારા ૫,૭૦૫,૪૮૮ ઈક્વિટી શેર (સંયુક્તપણે 'વિક્રેતા શેરધારકો') ('ઓફર ફોર સેલ')ના વેચાણની ઓફર સામેલ છે. બિડ/ઓફર ૨૪ માર્ચ, ૨૦૧૭ના રોજ શુક્રવારે બંધ થશે.

ઓફરની પ્રાઈઝ બેન્ડ ઈક્વિટી શેરદીઠ રૂ. ૪૪૦થી રૂ. ૪૬૦ નક્કી કરવામાં આવી છે. ઓફરમાં કંપનીની ઓફર પછીની પેઈડ-અપ ઈક્વિટી શેર મૂડીનો ઓછામાં ઓછો ૨૫ ટકા હિસ્સો સામેલ હશે.

સીક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (મૂડીના ઈશ્યૂ અને પ્રકટીકરણની જરૂરિયાતો) નિયમનો, ૨૦૦૯, જેમાં થયેલા સુધારા ('સેબી આઈસીડીઆર નિયમનો') મુજબ, કંપની અને વિક્રેતા શેરધારકો બીઆરએલએમ સાથે ચર્ચા કરીને એન્કર રોકાણકારોની સહભાગીતાનો વિચાર કરી શકે છે. એન્કર રોકાણકાર બિડ/ઓફર ખુલવાની તારીખ એટલે કે ૨૧ માર્ચ, ૨૦૧૭ને મંગળવારના એક કાર્યકારી દિવસ અગાઉ બિડ/ઓફર કરી શકશે. બિડ લઘુતમ ૩૨ ઈક્વિટી શેર માટે અને પછી ૩૨ ઈક્વિટી શેરના ગુણાંકમાં થઈ શકશે.

ઓફર સેબી આઈસીડીઆર નિયમોના નિયમો ૨૭(૧) અનુરૂપ બુક બિલ્ડિંગ પ્રોસેસ મારફતે ઓફર રજૂ કરવામાં આવી છે, જેમાં ઓફરનો ૫૦ ટકા હિસ્સો સપ્રમાણ આધારે ક્વોલિફાઈડ ઈન્સ્ટિટ્યૂશનલ બાયર્સ ('ક્યુઆઈબી') ('ક્યુઆઈબી પોર્શન')ને ઓફર કરવામાં આવશે, તેમાં શરત એ છે કે અમારી કંપની બીઆરએલએમ સાથે ચર્ચા કરીને ક્યુઆઈબી હિસ્સાના ૬૦ ટકા સુધીની ફાળવણી એન્કર રોકાણકારો ('એન્કર ઈન્વેસ્ટર પોર્શન')ને વિવેકાધિન રહીને કરી શકે છે, જેમાંથી ઓછામાં ઓછો ત્રીજો હિસ્સો સ્થાનિક મ્યુચ્યુઅલ ફંડ્સને ઉપલબ્ધ કરાવવામાં આવશે, જે સ્થાનિક મ્યુચ્યુઅલ ફંડ્સ પાસેથી એન્કર રોકાણકારોને ફાળવણીની કિંમત પર કે તેનાથી વધારે કિંમતે બિડ મળવાને આધિન છે.

ઉપરાંત ક્યુઆઈબી કેટેગરી (એન્કર રોકાણકારના હિસ્સાને બાદ કરતાં)નો ૫ ટકા હિસ્સો સપ્રમાણ આધારે મ્યુચ્યુઅલ ફંડ્સ માટે જ ઉપલબ્ધ કરાવવામાં આવશે. ક્યુઆઈબીનો બાકીનો હિસ્સો મ્યુચ્યુઅલ ફંડ્સ સહિત ક્યુઆઈબી બિડર્સ (એન્કર રોકાણકારોને બાદ કરતાં)ને સપ્રમાણ આધારે ઉપલબ્ધ કરાવવામાં આવશે, જે તેમની પાસેથી ઓફર કિંમતે કે તેનાથી વધારે કિંમતે માન્ય બિડ મળવાને આધિન છે.

### સીએલ એજ્યુકેટ લિમિટેડની પબ્લિક ઓફર ૨૦ માર્ચે ખુલશે, ૨૨ માર્ચે બંધ થશે

સીએલ એજ્યુકેટ લિમિટેડ ('કંપની' અથવા 'ઈશ્યૂઅર') પ્રીમિયમ પર રોકડના બદલામાં રૂ. ૧૦ની ફેસ વેલ્યુ ધરાવતા ૪,૭૬૦,૦૦૦ ઈક્વિટી શેરનો આઈપીઓ (ઈનિશિયલ પબ્લિક ઓફર) ૨૦ માર્ચ, ૨૦૧૭ને સોમવારે લાવવાની દરખાસ્ત ('ઓફર') રજૂ કરી છે. જેમાં નવા ૨,૧૮૦,૧૧૯ ઈક્વિટી શેર ('ફ્રેશ ઈશ્યૂ') અને વિક્રેતા શેરધારકો દ્વારા ૨,૫૭૯,૮૮૧ ઈક્વિટી શેરના વેચાણની ઓફર સામેલ છે. તેમાં ૯૭૪,૦૦૦ ઈક્વિટી શેર કંપનીના ચોક્કસ પ્રમોટર્સ અને પ્રમોટર ગ્રુપના ('ઓફર ફોર સેલ') સભ્યોના શેર સામેલ છે. આ ઓફર ૨૨ માર્ચ, ૨૦૧૭ને બુધવારે બંધ થશે.

ઓફરની પ્રાઈઝ બેન્ડ ઈક્વિટી શેરદીઠ રૂ. ૫૦૦થી રૂ. ૫૦૨ નક્કી કરવામાં આવી છે. ઓફરમાં કંપનીની પોસ્ટ ઓફર પેઈડ-અપ ઈક્વિટી શેર મૂડીનો ૩૩.૬૧ ટકા હિસ્સો સામેલ હશે. ઓફરના એકમાત્ર બુક રનિંગ લીડ મેનેજર ('બીઆરએલએમ') કોટક મહિન્દ્ર કેપિટલ કંપની લિમિટેડ છે. કંપની એન્કર રોકાણકારો દ્વારા સહભાગીદારીનો વિચાર કરવા બીઆરએલએમ સાથે વિચારણા કરી શકે છે. એન્કર રોકાણકારની બિડિંગની તારીખ બિડ/ઓફર બંધ થવાની તારીખના એક કાર્યકારી દિવસ અગાઉ ક્યુઆઈબી માટે બિડ બંધ કરવા/ઓફર પીરિયડ બંધ કરવાનો નિર્ણય લઈ શકે છે. બિડ લઘુત્તમ ૨૯ ઈક્વિટી શેર માટે અને પછી ૨૯ ઈક્વિટી શેરના ગુણાંકમાં થઈ શકશે.

ઓફર સીક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (મૂડી અને પ્રકટીકરણની જરૂરિયાતો ઈશ્યૂ કરીને) નિયમન, ૨૦૦૯ જેમાં થયેલા સંશોધનો મુજબ ('સેબી આઈસીડીઆર નિયમનો')ના નિયમન ૨૬(૧)ને અનુરૂપ બુક બિલ્ડિંગ પ્રોસેસ મારફતે ઈશ્યૂ રજૂ કરવામાં આવ્યો છે, જેમાં ઈશ્યૂનો ૫૦ ટકા હિસ્સો સપ્રમાણ આધારે ક્વોલિફાઈડ ઈન્સ્ટિટ્યૂશનલ બાયર્સ ('ક્યુઆઈબી')ને ઓફર કરવામાં આવશે. અમારી કંપની બીઆરએલએમ સાથે ચર્ચા કરીને ક્યુઆઈબી હિસ્સાના ૬૦ ટકા સુધીની ફાળવણી એન્કર રોકાણકારો ('એન્કર ઈન્વેસ્ટર પોર્શન')ને વિવેકાધિન રહીને કરી શકે છે, જેમાંથી ઓછામાં ઓછો ત્રીજો હિસ્સો સ્થાનિક મ્યુચ્યુઅલ ફંડ્સને ઉપલબ્ધ કરાવવામાં આવશે.

# ગુજરાતમાં હીટવેવ ચેતવણી જારી : લોકો વધારે સાવધાન

અમદાવાદ, તા.૧૭

અમદાવાદ સહિત રાજ્યભરમાં ગરમીનું પ્રમાણ વધી રહ્યું છે ત્યારે આગામી બે દિવસ માટે હીટવેવની ચેતવણી જારી કરવામાં આવ્યા બાદ સામાન્ય લોકોમાં વધુ સાવધાનીનું વલણ જોવા મળી રહ્યું છે. હવામાન વિભાગ તરફથી આગામી બે દિવસ માટે હીટવેવની ચેતવણી આપવામાં આવ્યા બાદ સામાન્ય લોકોમાં પણ આની ચર્ચા છે. જોકે ગઈકાલની સરખામણીમાં આજે મહત્તમ તાપમાનમાં ઘટાડો નોંધાયો હતો પરંતુ બપોરના ગાળામાં લોકોએ ગરમીનો અનુભવ કર્યો હતો. આજે અમદાવાદમાં મહત્તમ તાપમાન ૩૫.૯ અને લઘુત્તમ તાપમાન ૧૮.૫ ડિગ્રી નોંધાયું હતું. અમરેલીમાં મહત્તમ તાપમાન ૩૭.૨ ડિગ્રી નોંધાયું હતું. જે આજે રાજ્યભરમાં નોંધાયેલા તાપમાનમાં સૌથી વધુ પૈકી છે. રાજકોટમાં મહત્તમ તાપમાન ૩૭.૩ ડિગ્રી નોંધાયું હતું. સૌરાષ્ટ્ર અને કચ્છમાં પણ તીવ્ર ગરમીનું મોજુ ફરી વળ્યું છે. અમદાવાદ માટેની આગાહીમાં જણાવવામાં આવ્યું છે કે આવતીકાલે અમદાવાદ શહેરમાં લઘુત્તમ અને મહત્તમ તાપમાનમાં કોઈ વધારે ફેરફાર જોવા મળશે નહીં. પાટનગર ગાંધીનગરમાં આજે મહત્તમ તાપમાન ૩૫.૮ ડિગ્રી નોંધાયું હતું. ગઈકાલે ગુરૂવારના દિવસે રાજ્યના કેટલાક ભાગોમાં પારો ૩૮થી પણ ઉપર પહોંચી ગયો હતો. આજે ગઈકાલની સરખામણીમાં મહત્તમ તાપમાનમાં ઘટાડો નોંધાયો હતો. આજે અમદાવાદ શહેરમાં બપોરના ગાળામાં ગરમીનો અનુભવ લોકોએ કર્યો હતો. આવી સિઝનમાં બહારની ચીજવસ્તુઓને ટાળવાની સલાહ તબીબો આપી રહ્યા છે. બીજી બાજુ સિઝનમાં વારંવાર ફેરફારના લીધે બીમારી ફેલાઈ રહી છે. પાણીજન્ય અને મચ્છરજન્ય રોગચાળાના કેસોમાં હાલમાં વધારો નોંધાયો છે. આંકડા પરથી આ અંગેની માહિતી મળી શકે છે. હાલ બે ઋતુનો અહેસાસ શહેરીજનો કરી રહ્યા છે. લોકોને વધુ સાવધાન થઈ જવાની જરૂર છે કારણ કે હાલમાં ગરમી અને શરદીનો અનુભવ એકસાથે થઈ રહ્યો છે.રાજ્યભરમાં મહત્તમ અને લઘુત્તમ તાપમાનમાં ફેરફારનો દોર જારી રહેતા સામાન્ય લોકો પરેશાન થયેલા છે.

# ગુજરાતમાં ૧૧ નવા રમત ગમત સંકુલ તૈયાર કરાશે

## ખેલ મહાકુંભના ૧૧૦૦ ખેલાડીઓને સ્કુલમાં પ્રવેશ : રાજકારણમાં રમત હોઈ શકે રમતમાં રાજકારણ હોઈ શકે નહીં : ૧૦૦૦ શાળાઓમાં સ્પોર્ટ્સ કાર્યક્રમો રહેશે

ગાંધીનગર, તા.૧૭

ગુજરાતમાં રાજકોટ, મહેસાણા, કરનાલી તથા ભાવનગર ઉપરાંત આદિજાતિ વિસ્તારો નસવાડી, વ્યારા સહિત પાંચ તાલુકાઓમાં આ વર્ષે નવા રતમ ગમત સંકુલોનું નિર્માણ કરાશે. રમત ગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના રાજયમંત્રી રાજેન્દ્ર ત્રિવેદીએ આ જાહેરાત કરતાં જણાવ્યું હતું કે, ગુજરાતનું નામ રમત હોઈ શકે, પણ રમતમાં રાજકારણ ના હોઈ શકે એમ કહીને મંત્રી રાજેન્દ્ર ત્રિવેદીએ જણાવ્યું હતું કે, વર્ષ ૨૦૧૦થી શરૂ કરેલા ખેલ મહાકુંભનો વ્યાપ પ્રતિ વર્ષ વધી રહ્યો છે. ૯ વર્ષના બાળકથી લઈને વૃદ્ધો વિકલાંગો મળીને ૧૩ લાખ જેટલી મહિલાઓ સહિત વૃદ્ધો, વિકલાંગો મળી કુલ ૩૦ લાખ, ૬૪ હજાર ખેલાડીઓ અલગ અલગ ૩૦ જેટલી રમતોમાં ભાગ લઈ રહ્યા છે, જેમને ૪૨ કરોડથી વધુ રકમના પુરસ્કારો આપવામાં આવી રહ્યા છે. ખેલ મહાકુંભ દરમ્યાન ૯,૧૦,૧૪ વર્ષથી નાની વયના લગભગ ૧૮ લાખ ખેલાડીઓમાંથી ઉત્કૃષ્ટ પ્રતિભા ધરાવતા ખેલાડીઓને અલગ તારવીને તેમને જિલ્લા રાજયકક્ષાને વૈજ્ઞાનિક ઢબે ચકાસીને ઘનિષ્ઠ પ્રશિક્ષણ આપવામાં આવે છે. વર્ષ ૨૦૧૭-૧૮માં ૧૧૦૦ જેટલા ખેલાડીઓને આમ અલગ તારવીને શિક્ષણ અને રમતના સમન્વયવાળી જિલ્લાકક્ષાની સ્પોર્ટસ સ્કુલમાં પ્રવેશ આપવામાં આવ્યો છે. જ્યાં રમતની ઘનિષ્ઠ તાલીમ ઉપરાંત અભ્યાસનો તમામ ખર્ચ રાજય સરકાર આપી રહી છે. શાળા કક્ષાએથી જ રમતગમત ક્ષેત્રે સઘન તાલીમ મળી રહે અને બાળકો રમતગમતમાં વિશેષ રૂચી કેળવતા થાય તે હેતુથી રાજય સરકાર આ વર્ષથી સ્કુલ સ્પોર્ટસ કોન્ટેક્ટ કાર્યક્રમ અમલી કરી રહી છે. મંત્રી રાજેન્દ્ર ત્રિવેદીએ વિધાનસભા ગૃહમાં વિભાગની માંગણીઓ પરથી ચર્ચાનો જવાબ આપતાં જણાવ્યું હતું કે, પ્રથમ તબક્કામાં રાજયની ૧૦૦૦ શાળાઓને પસંદ કરવામાં આવી છે. આ ૧૦૦૦ શાળાઓમાં વ્યાયામ શિક્ષકોને ઓલિમ્પિક રમતોની અદ્યતન તાલીમ આપીને તૈયાર કરવામાં આવશે. શાળાઓને રમત ગમતના સાધનો અપાશે, અને ખેલ પ્રતિભાઓ તૈયાર કરાશે. વર્ષ ૨૦૧૬-૧૭ની રાષ્ટ્રીય શાળાકીય સ્પર્ધામાં ગુજરાતે ૬૦ ગોલ્ડ, ૮૬ સીલ્વર, ૧૬૦ બ્રોન્ઝ સહિત કુલ ૩૦૬ મેડલ મેળવીને સમગ્ર દેશમાં છઠ્ઠા સ્થાને રહેવામાં સફળતા મેળવી હતી. ગુજરાતની આ નોંધપાત્ર સિદ્ધિનો શ્રેય ખેલ મહાકુંભને મળે છે.

## બે હજારની નોટ

● અનુસંધાન પહેલાનું ચાલુ

પટેલ કરવામાં આવી ચુકી છે. સ્વચ્છતાની કવાયત મોટાપાયે ખૂબ સાહસ સાથે હાથ ધરવામાં આવી હતી.

ભ્રષ્ટાચાર, બ્લેક મની, બનાવટી નોટ ઉપર અંકુશ મુકવાના હેતુસર આ સાહસી નિર્ણય લેવામાં આવ્યો હતો અને આમાં સફળતા પણ મળી છે. આતંકવાદી ગતિવિધિઓ માટે અપાતા ત્રાસવાદી ફન્ડીંગ ઉપર પણ બ્રેક મુકવાના હેતુસર આ નિર્ણય ઉપયોગી સાબિત થઈ રહ્યો છે. જેટલીએ આજે કહ્યું હતું કે આ કવાયતના પરિણામ સ્વરૂપે બેન્કોમાં ડિપોઝીટમાં વધારો થયો છે. જેના પરિણામે આવનાર સમયમાં વ્યાજદરમાં વધુ ઘટાડો થઈ શકે છે અને સામાન્ય લોકોને લાભ થશે. તેમના ક્રેડિટ બેઝને વધારી દેવા માટે બેંકોને પણ ફાયદો થશે. જેટલીએ ઉમેર્યું હતું કે નોટબંધી બાદ બેંકોમાંથી અને એટીએમમાંથી ઉપાડના સંદર્ભમાં લાદવામાં આવેલા નિયંત્રણો હળવા કરી દેવાયા છે. નિયંત્રણો હવે સંપૂર્ણપણે દુર કરવામાં આવી ચુક્યા છે. રૂપિયા ૨૦૦૦ની નોટને પરત ખેંચી લેવામાં આવશે તેને લઈને છેલ્લા ઘણા સમયથી ચર્ચા ચાલી રહી હતી પરંતુ હવે આ ચર્ચાઓનો અંત આવી ગયો છે કારણ કે જેટલીએ ખુલાસો કર્યો છે.

## આજે નિર્ણય

● અનુસંધાન પહેલાનું ચાલુ

સંપૂર્ણપણે સ્વસ્થ છે. ઉત્તરપ્રદેશમાં મુખ્યમંત્રી પદના દાવેદાર અંગે પૂછવામાં આવતા તેમણે કહ્યું હતું કે આવતીકાલે સાંજે ચાર વાગે પાર્ટીની મહત્વપૂર્ણ બેઠક મળશે અને એ વખતે આ અંગે નિર્ણય લેવામાં આવશે. મુખ્યમંત્રીના ઉમેદવારની પસંદગી કરવા મૌર્યને જવાબદારી ભાજપ પ્રમુખ અમિત શાહે સોંપી છે તે અંગે પૂછવામાં આવતા તેમણે કહ્યું હતું કે પાર્ટી પ્રમુખ તરીકે તેમની જે કંઈપણ જવાબદારી તેને પૂર્ણ કરવા તેઓ કટિબદ્ધ છે. મણીપુર અને ગોવામાં ભાજપ સરકાર રચાઈ ગઈ છે. ઉત્તપ્રદેશના મુખ્યમંત્રી અંગે હજુ સુધી કોઈ નિર્ણય લેવામાં આવ્યો નથી. ઉત્તરપ્રદેશમાં ભાજપને બે તૃતિયાંશ બહુમતી મળી છે. ઉત્તરપ્રદેશમાં મુખ્યમંત્રીની પસંદગી ભાજપ માટે ખૂબ જ મહત્વપૂર્ણ છે કારણ કે આ વ્યક્તિ જ મહત્વપૂર્ણ ગણાતા રાજ્યમાં ૨૦૧૯ લોકસભા ચૂંટણીમાં પાર્ટીને આગળ લઈ જશે. ઉત્તરપ્રદેશમાં ભાજપના ઓબીસી ચહેરા અંગે પૂછવામાં આવતા તેમણે કોઈ વાત કરી ન હતી. મૌર્યને જવાબદારી સોંપાશે તો પાર્ટી પછાત વર્ગના મતને મેળવી શકે છે. પાંચ રાજ્યમાં હાલમાં યોજાયેલી વિધાનસભાની ચૂંટણીમાં ભાજપે તમામ જગ્યાએ શાનદાર દેખાવ કર્યો હતો. ચૂંટણી મણિપુર અને ગોવામાં તો તેની સરકાર સત્તા સંભાળી ચુકી છે. ઉત્તરપ્રદેશમાં મુખ્યપ્રધાન કોણ બનશે તેના પર તમામની નજર રહેશે.

ઉત્તરપ્રદેશમાં મુખ્યપ્રધાનની રેસમાં કેટલાક દાવેદાર રહેલા છે. જેમાં કેન્દ્રિય ગૃહ પ્રધાન રાજનાથ સિંહ, કેન્દ્રિય રેલવે રાજ્ય મંત્રી મનોજ સિંહા, યુપી ભાજપના વડા કેશવ પ્રસાદમૌર્ય, અને યોગી આદિત્યનાથનો સમાવેશ થાય છે. આ ઉપરાંત મહારાજપુરના ધારાસભ્ય સતીશ મહાના પણ દાવેદાર છે. ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહે એમ કહીને વધારે ચર્ચા જગાવી છે કે ઉત્તરપ્રદેશમાં મુખ્યપ્રધાન પદના ઉમેદવાર પસંદ કરવાની જવાબદારી કેશવ પ્રસાદ મૌર્યની છે. કેશવ પ્રસાદ મૌર્યે કહ્યુ છે કે તેમને નામ આપવા માટે કહેવામાં આવ્યુ છે. તેમના નિવેદન બાદ મુખ્યપ્રધાનની રેસ વધારે રોમાંચકારી થઈ ગઈ છે. ઉત્તરપ્રદેશ વિધાનસભાની ચૂંટણીમાં મુખ્યપ્રધાનને લઈને જોરદાર સ્પર્ધા છે ત્યારે સમગ્ર દેશના લોકોની નજર દાવેદાર પર કેન્દ્રિત થઈ ગઈ છે. ઉત્તરપ્રદેશમાં ખુબ જ સક્રિય અને મજબુત નેતાની પસંદગી કરવી પડશે. કારણ કે કાયદો અને વ્યવસ્થા સહિતના વિવિધ મુદ્દા પર ઝડપી નિર્ણય લેવા પડશે. રાજ્યમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતી હાલમાં ખુબ ખરાબ છે.

## રાવતની પસંદગી

● અનુસંધાન પહેલાનું ચાલુ

મણીપુર અને ગોવામાં ભાજપની સરકાર સત્તા સંભાળી ચુકી છે. જ્યારે ઉત્તરાખંડમાં આવતીકાલે ત્રિવેન્દ્રસિંહ મુખ્યમંત્રી તરીકે શપથ લેશે. જ્યારે ઉત્તરપ્રદેશમાં મુખ્યમંત્રી તરીકેની તાજપોશી રવિવારના દિવસે કરવામાં આવનાર છે. આવતીકાલે યોજાનાર શપથ કાર્યક્રમને લઈને તમામ તૈયારીઓ પણ કરવામાં આવી રહી છે. શપથવિધિ કાર્યક્રમમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહ સહિત અનેક દિગ્ગજો પણ હાજર રહેનાર છે. હાલમાં જ યોજાયેલી ઉત્તરાખંડ વિધાનસભાની ચૂંટણીમાં ભાજપે જોરદાર સપાટો બોલાવ્યો હતો અને મોટાભાગની સીટો જીતી લીધી હતી. ભાજપે ૫૭ સીટો પર જીત હાંસલ કરી હતી. ૭૦ સભ્યોની વિધાનસભામાં કોંગ્રેસ પાર્ટીને માત્ર ૧૧ સીટો મળી હતી. ત્રિવેન્દ્રસિંહ રાવત ઉત્તરાખંડના ૧૧માં મુખ્યમંત્રી બનશે. ૨૦મી ડિસેમ્બર ૧૯૬૦માં તેમનો જન્મ થયો હતો. નાની વયમાં જ સંઘ સાથે જોડાયા હતા. સંઘના પ્રચારક તરીકે ખૂબ જ સક્રિય રહ્યા છે.

ત્રિવેન્દ્રસિંહને ભાજપ પ્રમુખ અમિત શાહના ખૂબ નજીકના વ્યક્તિ તરીકે ગણવામાં આવે છે. ઉત્તરાખંડમાં ભાજપના જનરલ સેક્રેટરી બનાવવામાં આવ્યા ત્યારે તેઓ વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે સીધી રીતે સંપર્કમાં હતા. ૨૦૧૪ લોકસભા ચૂંટણીમાં રાવત ઉત્તરપ્રદેશમાં અમિત શાહની સાથે સંકળાયેલા રહ્યા હતા. ભાજપે જોરદાર સપાટો બોલાવીને તમામ બેઠકો જીતી લીધી હતી. ઝારખંડમાં ભાજપની જીત માટે તેમને તમામ ક્રેડિટ મળી હતી. ઉત્તરાખંડના ભાજપ વડા અજય ભટે કહ્યું છે કે શનિવારના દિવસે ત્રણ વાગે શપથવિધિ કાર્યક્રમ યોજાશે. પાંચ વર્ષના ગાળા બાદ ભાજપની પહાડી રાજ્યોમાં સત્તામાં વાપસી થઈ છે.

## દરોડા

● અનુસંધાન પહેલાનું ચાલુ

સૂત્રોના કહેવા મુજબ અમદાવાદમાં કુલ નવ જગ્યાએ દરોડાની કાર્યવાહી હાથ ધરાઈ હતી. નોટબંધીની પોલિસીના અમલીકરણ દરમ્યાન વાસ્તવિક વેચાણ કરતા વધુના મામલામાં ગેરરીતિઓ થઈ હોવાની વિગત સપાટી ઉપર આવી છે. પાન ઈન્ડિયા બ્લેક મની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. પેટ્રોલ પંપના માલિકોના કેશ બુકમાં દરોડાની કાર્યવાહી દરમિયાન ચકાસણી કરવામાં આવી હતી. આઈટી એક્ટની કલમ ૧૩૩-એ હેઠળ પેટ્રોલ પંપના માલિકોના કેશબુકમાં ચકાસણી થઈ હતી. નોટબંધીના ગાળા દરમ્યાન પેટ્રોલ પંપમાં કરવામાં આવેલી ડિપોઝીટના સંદર્ભમાં વેચાણના આંકડાની સરખામણી કરવામાં આવી હતી. ત્રીજી ડિસેમ્બર સુધીના ગાળામાં ફ્યુઅલની ખરીદી માટે જુની નોટને મંજુરી આપવામાં આવી હતી. આઈટી એક્ટના કહેવા મુજબ કેટલીક ગેરરીતિઓ સપાટી ઉપર આવી રહી છે. આવકવેરા વિભાગના અધિકારીઓએ અગાઉ જણાવ્યું હતું કે પેટ્રોલ પંપ અને એલપીજી ડિસ્ટ્રીબ્યુરોના પ્રાંગણ ઉપર દરોડા પાડવામાં આવી રહ્યા છે. આ કાર્યવાહી દર્શાવે છે કે સરેરાશ પેટ્રોલ પંપના માલિકોએ વેચાણના કલેકશનના ૧૫ ટકાથી વધુની રકમ જમા કરી હતી. આવા જ એક સર્વે મુજબ એવું જાણવા મળ્યું છે કે ફ્યુઅલ સેલરોએ બીજી ડિસેમ્બર સુધી તેમના વાસ્તવિક વેચાણ કરતા ૨૦ ટકા વધુ રકમ જમા કરી હતી. પેટ્રોલ પંપના માલિકો દ્વારા રોકડમાં જમા કરવામાં આવી રકમ દર્શાવે છે કે દેશભરમાં જુદા જુદા પમ્પમાં બિનહિસાબી રોકડ રકમને બદલી કાઢવાની કાર્યવાહી હાથ ધરાઈ હતી. દેશમાં બ્લેકમનીના પ્રવાહને રોકવાના હેતુસર વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ૮મી નવેમ્બરના દિવસે રૂપિયા ૫૦૦ અને ૧૦૦૦ની નોટ ઉપર પ્રતિબંધ મુકવાની જાહેરાત કરી હતી. જોકે કેટલીક રાહતો આપવામાં આવી હતી. બીજી ડિસેમ્બર સુધી પેટ્રોલ પંપ પર જુની નોટને સ્વીકારવા કહેવામાં આવ્યું હતું. એવું જાણવા મમળ્યું છે કે તારીખ બાદ પણ પેટ્રોલ પંપ ઉપર જુની નોટને ચલાવવામાં આવી હતી.આઈટી અધિકારીઓએ કહ્યું છે કે દરોડા નહીં પરંતુ સર્વેની કામગીરી ચાલી રહી છે. પેટ્રોલ પંપના માલિકોના બિઝનેસ પ્રાંગણ ઉપર આ કાર્યવાહી ચાલી રહી છે. ગયા મહિનામાં આઈટી સર્વે કરવામાં આવ્યા હતા. બીજી ડિસેમ્બર સુધીના છૂટના ગાળા દરમિયાન તેમના વેચાણ કરતા ૨૦ ટકા વધુ રકમ જમા કરવામાં આવી હતી. જે બિનહિસાબી આવકનો સંકેત આપે છે.

## લાંબુ અને અઘરુ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પરીક્ષાર્થીઓએ હળવાશ અનુભવી હતી. પરંતુ પાંચ પ્રશ્નો આકૃતિવાળા હોવાથી પ્રશ્નપત્રના સમયસર ઉત્તર આપવાનુ વિદ્યાર્થીઓ માટે અઘરુ બન્યુ હતુ. પ્રશ્નપત્રમાં ભૌતિક વિજ્ઞાનના પ્રશ્નો અઘરા અને લાંબા હોવાથી વિદ્યાર્થીઓ માટે મુંઝવણ ઉભી થઈ હતી. વિજ્ઞાનની પરીક્ષામાં જિલ્લામાંથી ૨૯૩૯૪ પૈકી ૨૮૯૨૨ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી. જયારે ૪૭૨ વિદ્યાર્થીઓની હાજરી ઘટી હતી. પરીક્ષા દરમિયાન એક પણ કોપી કેસ નોંધાયો ન હોવાનુ પણ શિક્ષણતંત્રએ જણાંવ્યુ છે.